| | | |
|---|---|---|
| **GJPM010039992025** | કેસ દાખલ તારીખ | ૧૮–૧૧– ૨૦૨૫ |
| | કેસ રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૧૮–૧૧– ૨૦૨૫ |
| | કેસ ફેસલ તારીખ | ૧૨–૦૮–૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૮ ૨૫ | |

આંક :

**IN THE COURT OF PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE, PANCHMAHALS AT-GODHRA**

**Present : C.K. Chauhan, Sessions Judge**

Judgment Dt: 12-08-2026

**Sessions Case No. 111/2025**

( 1st C.R.No.108/2009 [ Godhra Town Police Station ]

**I. P. C. Section 457,380,114,411,413**

**FORM-A**

| | |
|---|---|
| Complainant | શ્રી સરકાર |
| REPRESENTED BY | વિ.જીલ્લા સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોર |
| ACCUSED | ૧. અનવર બસીર હયાત,<br>રહે.હયાતની વાડી, ગોધરા.જી.પંચમહાલ.<br>૨. રૂપેશભાઇ કાંતીભાઇ સોની,<br>રહે.મહાદેવનગર સોસાયટી, ભવાની રસ મલાઇ કારખાનાની બાજુમાં, તા.ગોધરા.<br>૩. શોયેબ ઉર્ફે કવાલ સીદીક શેખ,<br>રહે.સાતપુલ, રોજી હોટલ પાસે, ગોધરા.<br>૪. અશરફ યુસુફ મેંદા,<br>રહે.વચલા ઓઢા, રહેમાનીયા મસ્જીદ પાછળ, તા.ગોધરા. જી.પંચમહાલ. |
| REPRESENTED BY | આરોપી નં.૧ ના વિ.વકીલશ્રી જી.એસ.સામનાણી<br>આરોપી નં.૨ ના વિ.વકીલશ્રી એચ.કે.સોની<br>આરોપી નં.૩,૪ ના વિ.વકીલશ્રી એસ.એ.સૈયદ |

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 10-03-2009 11.00 hr. to<br>12-03-2009 8.00 hr. |
| Date of FIR | 12-03-2009 |

| | |
|---|---|
| Date of Chargesheet | 08-06-2009 |
| Date of Framing of Charges | 05-01-2026 |
| Date of commencement of evidence | 20-05-2026 |
| Date on which Judgment is reserved | 30-07-2026 |
| Date of the Judgment | 12-08-2026 |
| Date of the Sentencing Order, if any | -- |

**Accused Details**

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentene Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Anwar Bashir Hayat | 18/4/09 | 15/9/18 | I.P.C. Section 457, 380, 114,411, 413 | Acquitted | -- | -- |
| 2 | Rupeshbhai Kantibhai Soni | 18/4/09 | 21/4/09 | " | Acquitted | -- | -- |
| 3 | Soyeb @ Kawal Siddiq Shaikh | 5/5/09 | 2/5/24 | " | Acquitted | -- | -- |
| 4 | Ashraf yusuf Menda | 9/5/09 | 29/3/25 | " | Acquitted | -- | -- |

**:: જજમેન્ટ ::**

(૧) આ સેસન્સ કેસમાં આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૭, ૩૮૦ ,૧૧૪,૪૧૧,૪૧૩ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવેલ છે અને તે તહોમતની ટ્રાયલ આરોપીઓ વિરૂધ્ધ ચલાવવામાં આવેલ છે. આરોપીઓ જામીન મુકત છે.

**<u>ફરીયાદપક્ષના કેસની હકિકત</u> :–**

(૨) ફરીયાદપક્ષના કેસની ટૂંક હકીકત એવી છે કે, ફરીયાદી સુમિત્રાબેન કેવળસિંહ બારીયાની વિધવા ઓરતનાઓએ પો.સ.ઈ.ગોધરા ટાઉન સમક્ષ એવી ફરીયાદ હકીકત જાહેર કરેલી કે, ગઈ તા.૧૦/૩/૦૯ ના રોજ હુ મારા છોકરાઓ સાથે અમારા વતન એરંડી ગામે હોળીનો તહેવાર કરવા ગયેલા અને હોળીનો તહેવાર કરી આજરોજ સવારમાં અમારી રૂમ પર આવતા મારી રૂમને મારેલ તાળુ જોવા મળેલ નહી જેથી દરવાજો ખોલી ઘરમાં તપાસ કરતા ઘરમાં મુકી રાખેલ તિજોરીનું લોક તૂટેલ હતું જેથી તિજોરીની અંદર તપાસ કરતા રૂ.૫૦૦/– ના દરની ચલણી નોટો કુલ–૮ કુલ્લે રૂ.૪૦૦૦/– તથા સોનાની ચેન જુની વપરાયેલી જેની કિં.રૂ.૮૦૦૦/– જોવા મળેલ નહી જેથી મે આજુબાજુ તપાસ કરતા મળી આવેલ નહી અને ચોરી થયેલાનું જણાય આવેલ અને આ મારા ઘરે કોઇ ચોર ઇસમે ચોરી કરેલ હોઇ અને અમારી કોલોની નજીક ખાડી ફળીયા રામેશ્વરનગરમાં રહેતા ધર્મેન્દ્ર કુમાર શાંતીલાલ વ્યાસના ઘરમાંથી પણ કોઇ ચોર ઇસમે સેમસંગ કલર ટી.વી.કિં.રૂ.૪૦૦૦/– તથા તાંબા પીત્તળના વાસણો જુના જેની કિં.રૂ.૩૦૦૦/– તથા ખાડી ફળીયામાં રહેતા નજીરઅલી વ્હોરા ના ઘરમાંથી રૂ.૧૦,૦૦૦/–રોકડા તથા રૂ.૬૫૦/– ની સોનાની વીંટી જુની નાના છોકરાને પહેરવાની ચોરી થયેલાનું જાણવા મળેલ, જેથી આ બાબતે કાયદેસર તપાસ થવા ફરીયાદીએ ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ બનેલ બનાવની ફરીયાદ ગોધરા ટાઉન પોલીસ સ્ટેશનમાં તા.૧૨/૩/૨૦૦૯ ના રોજ નોંધાવેલ હતી જે ફરીયાદ અન્વયે ગોધરા ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૦૮/૨૦૦૯થી ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧,૪૧૩ મુજબનો ગુનો રજીસ્ટર થયેલો. તપાસ કરનાર અધિકારીએ આ ગુનાની તપાસ સંભાળ્યા બાદ બનાવવાળી જગ્યાનું સ્થળ પંચનામુ કરેલું અને ગુના સબંધી જરૂરી સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીઓ નાસતા ફરતા હોય

આરોપીઓ અલગ અલગ તારીખે અને સમયે મળી આવતા આરોપીઓને અટક કરી ચોરીમાં ગયેલ મુદામાલ કબજે કર્યાનું પંચનામું કરેલું અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા ગોધરાના વિ.એડી.જયુ.મેજી.ફ.ક.કોર્ટમાં ચાર્જશીટ હાલના આરોપીઓ સામે ફોજદારી કેસ નં.૧૨૪૨/૨૦૦૯થી રજીસ્ટરે નોંધાયેલ. આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની ટ્રાયલ ચલાવવાની હકુમત એકમાત્ર સેસન્સ કોર્ટને હોય, ત્યારબાદ સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૯ હેઠળ કમિટલ હુકમ કરી સેશન્સ અદાલત, પંચમહાલને મોકલી આપવામાં આવતા જેનો સેસન્સ કેસ નં.૧૧૧/૨૦૨૫ થી સેસન્સ રજીસ્ટરે લેવામાં આવેલ અને આ સેસન્સ કેસની ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલતમાં ચલાવવા રાખવામાં આવેલ.

(૪) આરોપીઓ જામીન મુકત હોય, આ કોર્ટે આ સેસન્સ કેસના કામે આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા જરૂરી યાદી કરવામાં આવેલ જે અન્વયે તેઓને અત્રેની કોર્ટમાં હાજર રાખેલા.ત્યારબાદ આ અદાલતે આરોપી સામે ઈ.પી.કો.કલમ–૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧,૪૧૩ મુજબ ના ગુનાનું તહોમતનામું આંક–૯થી ફરમાવવામાં આવેલું અને આંક–૧૦ થી ૧૩ સુધી આરોપીઓની પ્લી લેતાં આરોપીઓએ ગુનો કબુલ નથી તેવું જણાવતા અને કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આ કેસ ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો. ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

FORM-C

LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESS

**A. Prosecution :-**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, |
|---|---|---|

| | | |
|---|---|---|
| | | MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
| PW-1 | અજીતસિંહ પ્રતાપસિંહ સોલંકી | આરોપીએ ચોરી કરેલ સોના ચાંદીના દાગીના બતાવ્યાના પંચ |
| PW-2 | નવજીવન છબીલદાસ મીશ્રા | ગુનાવાળી જગ્યાના તથા ચોરી કરેલ ટીવી કબજે લીધાના પંચ |
| PW- 3 | મોહંમદયુસુફ સીદીક લુહાર | ગુનાવાળી જગ્યાના તથા ચોરી કરેલ ટીવી કબજે લીધાના પંચ |
| PW- 4 | નાસીરખાન ઉસ્માનખાન પઠાણ | આરોપીએ સોના ચાંદીના દાગીના બતાવ્યાના પંચ |
| PW- 5 | દલપતસિંહ ભુલાજી ડાભી | તપાસ કરનાર અધિકારી |

**B. Defence Witnesses, if any:**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| DW-1 | Nil | Nil |
| DW-2 | Nil | Nil |

**C. Court Witnesses, if any:**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| CW-1 | Nil | Nil |
| CW-2 | Nil | Nil |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**

**A. Prosecution:**

| Sr.No | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit - P3 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 2 | Exhibit - P4 | ચોરી કરેલ ટીવી કબજે લીધાનું પંચનામું |

| | | |
|---|---|---|
| 3 | Exhibit - P7 | આરોપીએ ચોરી કરેલ સોના ચાંદીના દાગીના બતાવ્યાનું પંચનામું |
| 4 | Exhibit - P14 | સોના ચાંદીનું મૂલ્ય દર્શાવતી માં કૃપા જવેલર્સની પાવતી |
| 5 | Exhibit - P16 | કલોઝીંગ પુરસીસ |

**આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાને કબુલ કરતા હોય જે બચાવપક્ષની સંમતિથી પુરાવા માં દાખલ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.**

| Sr.No | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit - P8 | ફરીયાદીની ફરીયાદ |
| 2 | Exhibit - P9 | ડેપ્યુટ હુકમ |
| 3 | Exhibit - P10 | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 4 | Exhibit - P11 | ક્રાઇમ સીન વીજીટેશન રીપોર્ટ |
| 5 | Exhibit - P12 | જે.જે.એન્ટરપ્રાઇઝનું ટીવીનું બીલ |

**B. Defence :**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Nil | Nil |
| 2 | Nil | Nil |

**C. Court :**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Nil | Nil |
| 2 | Nil | Nil |

**D. Material Objects:**

| Sr.No. | Material Object Number | Description |
|---|---|---|
| 1 | MO 1 | એક સેમસંગ કંપનીનું જુનુ વપરાયેલું ટીવી રીમોટ સાથે |

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ વિ.સરકારી વકીલશ્રીની કલોઝીંગ પુરસીસ રેકર્ડ ઉપર લીધા બાદ આરોપીઓ વિરૂધ્ધ ઉપસ્થીત થતાં આક્ષેપિત ગુના બાબતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ પ્રમાણે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આક્ષેપિતે ગુનાની મોટાભાગ ની હકીકત ખોટી હોવાનું કહ્યા બાદ વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે અને તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે, તેઓ નિર્દોષ છે. આરોપીઓએ બચાવપક્ષના સાક્ષી તપાસેલ નથી કે બચાવપક્ષે કોઇ પુરાવો રજુ કરેલ નથી.

**<u>ફરીયાદપક્ષની દલીલ</u>**

(૬) શ્રી સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોરએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, આરોપીઓ સામેનો ગુનો શંકાથી પર રીતે સાબીત કરવા માટે ફરીયાદપક્ષે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.આ કામે ફરીયાદપક્ષ તરફથી દસ્તાવેજી પુરાવા જેવા કે ગુનાવાળી જગ્યાનું પંચનામું, ચોરી કરેલ ટીવી કબજે લીધાનું પંચનામું, આરોપીએ ચોરી કરેલ સોના ચાંદીના દાગીના બતાવ્યાનું પંચનામું વિગેરે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે પુરાવો તેમજ આ કામે તપાસ કરનાર અધિકારીની રજુ જુબાની જોવામાં આવે તો તેઓએ આ કામના આરોપીઓને ગુનાના કામે અટક કરેલા છે અને તેઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ છે. આ કામે આરોપીઓ વિરૂધ્ધના ગુનાઓ ગંભીર કેસ હોય અને ફરીયાદપક્ષે ગુનો પુરવાર કરેલ હોય આરોપીઓને ગુનામાં તકસીરવાર ઠરાવવા જોઇએ.

**<u>આરોપીપક્ષની દલીલ</u>** :-

(૭) આરોપીપક્ષે આરોપીઓના વિ.વકીલશ્રીઓની મુખ્યત્વે રજુઆત એવી છે કે, આ કામે ફરીયાદપક્ષ ધ્વારા હાલના આરોપી કહેવાતા આક્ષેપીત બનાવમાં સામેલ હોવાનું નિ:શંકપણે સાબીત કરી શકેલા નથી. આ કામે ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદી બનાવ વખતે

બહારગામ ગયેલા હતા અને ફરીયાદીએ ફરીયાદ અજાણ્યા ઈસમો સામે કરેલી છે અને બનાવની હકીકત તેઓ બહારગામથી પરત આવતાં માલુમ પડેલી છે.આ કામે ફરીયાદી સહીત કોઇ સાહેદોએ હાલના આરોપીઓ આ ચોરીના બનાવમાં સામેલ હોવાનો લેશમાત્ર પુરાવો આપેલ નથી.હાલના કામના આરોપીઓને સહઆરોપીઓના નિવેદન આધારે ખોટી રીતે અટક કરી તેઓ સામે ખોટું ચાર્જશીટ દાખલ કરેલ છે. હાલના આરોપીઓને અટક કર્યા બાદ તેઓ પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર થયેલ નથી તેમજ તપાસ કરનાર અધિકારીઓએ કોઇ આરોપીઓની ઓળખપરેડ ફરીયાદી કે સાહેદો રૂબરૂ કરાવેલ નથી. આ કામે આરોપીઓની ઓળખ અંગેનું કોઇ પંચનામું રજુ થયેલ નથી. માત્ર ચાર્જશીટ કરવાથી કેસ સાબીત માની શકાય નહીં. ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો શંકાથી પર સાબીત કરી શકેલ નથી અને તે રીતે આરોપીઓને અપૂરતા પુરાવાના કારણે છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) બંને પક્ષકારના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા. ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો.આ સેસન્સ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**-: મુ દ્દા ઓ :-**

**મુ.નં.૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામ ના આરોપીઓએ તા.૧૦/૩/૦૯ ના કલાક ૧૧-૦૦થી તા.૧૨/૩/૦૯ ના કલાક ૮-૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ વખતે મોજે રેલ્વે કોલોની જી.એલ.યાર્ડ તથા ખાડી ફળીયામાં આ કામના ફરીયાદીના સાહેદોના બંધ મકાનના તાળા તોડી, સોના ચાંદીના દાગીનાની તથા સાહેદ ધર્મેન્દ્રકુમારના ઘરમાંથી કલર ટીવીની ચોરી કરી, આરોપી નં.ર નાઓ ચોરીના દાગીના હોવાનું જાણતા હોવા છતાં નજીવી કિંમતે વેચાતા રાખી ઓગાળી નાખી એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો.કલમ-૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧,૪૧૩ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?**

**મુ.નં.૨ : શું હુકમ ?**

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :- નકારાત્મક

મુદ્દા નં. ૨ :- આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ :-**

(૧૦) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન કરતા પહેલા ફોજદારી ટ્રાયલનો મહત્વનો સિધ્ધાંત લક્ષમાં લેવો જોઇએ કે ફરીયાદપક્ષે આરોપી સામેના આરોપો આધારભૂત રીતે અને વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાના છે.આરોપીએ પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનું નથી. આમ આરોપીએ આરોપીત ગુન્હો આચરેલ છે તેવું શંકારહીત પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે અને તે રીતે ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધના આરોપ શંકારહીત પુરવાર કરવા જોઇએ.

(૧૧) બંને પક્ષકારોના વિ.વકીલશ્રીને સાંભળ્યા બાદ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવા ધ્યાને લેતા પહેલા ઇ.પી.કો.કલમ.૪૫૭, ૪૧૧, ૪૧૩ વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**ઇ.પી.કો.કલમ ૪૫૭** : ઘરફોડ

કોઇપણ વ્યકિત કેદની સજાનઈ પાત્ર ગુનો કરવા માટે રાત્રે ગુપ્ત અનધિકૃત ગૃહપ્રવેશ કરે અથવા રાત્રે ઘરફોડ કરે તેને પાંચ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પણ પાત્ર થશે.ધારેલ ગુનો ચોરીનો હોય તો તેને ચૌદ વર્ષ સુધીની કેદની સજા કરી શકાશે.

**ઇ.પી.કો.કલમ ૪૧૧** : અપ્રમાણિકપણે ચોરીનો માલ મેળવવો.

કોઇપણ વ્યકિત ચોરીનો માલ તે ચોરાયેલો છે તેવું જાણવા

છતાં અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેમ છતાં લે અથવા રાખે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશેઈ

**<u>ઇ.પી.કો.કલમ ૪૧૩</u> :** કાયમ ચોરીના માલનો ધંધો કરવો.

કોઈપણ વ્યકિત, ચોરીનો માલ છે તેમ પોતે જાણતી હોય અથવા તેમ માનવાને પોતાને કારણ હોય તેવો માલ કાયમ લે અથવા આપ–લે કરે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

(૧૨) ઉપરોકત કાયદાકીય જોગવાઇ જોતાં ઘરફોડ, અપ્રમાણિકપણે ચોરીનો માલ મેળવવો તથા કાયમ ચોરીના માલનો ધંધો કરવો તે મહત્વપુર્ણ તત્વો છે.આરોપીની જાણમાં આ તત્વો હોય તો આરોપીને તકસીરવાર ઠરાવી શકાય.

(૧૩) ફરીયાદપક્ષે સાહેદ અજીતસિંહ પ્રતાપસિંહ સોલંકીને આંક P1 થી તપાસવામાં આવેલા છે તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓને સત્તરેક વર્ષ અગાઉ પોલીસે કોઇ જગ્યાએ ગુનાના કામે પંચમાં રહેવા માટે બોલાવ્યા હોય તેવુ બનેલું નથી. તેમની હાજરીમાં પોલીસે કોઇ વ્યકિતની આરોપી તરીકે ઓળખ કરાવી હોય અને તે બાદ સરકારી વાહનમાં બેસી આરોપીએ બતાવેલી જગ્યાએ ગયા હોય તેવું પણ બનેલું નથી. નિ.૩/૬વાળા પંચનામામાં તેમની સહી નથી. તેઓ પોલીસ સાથે ગયા હોય અને પોલીસે તેમની હાજરીમાં કોઇ સોનીની દુકાનેથી કોઇ ચાંદીના ચોસલા તપાસના કામે કબજે કરેલ હોય તેવું બનેલ નથી. તેમની હાજરીમાં પોલીસે કોઇ વિગતવારનું પંચનામું નોંધી લીધુ હોય તેવું પણ બનેલું નથી. આરોપીઓને ઓળખતા નથી. આમ, આ સાહેદનો પુરાવો જોતાં તેઓ ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નવજીવન છબીલદાસ મીશ્રાને આંક P2 થી તથા સાહેદ મોહંમદયુસુફ સીદીક લુહારને આંક P5 થી તપાસવામાં આવેલા છે તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓને આશરે સોળ–સત્તર વર્ષ પહેલા ગોધરા ટાઉન પોલીસે ચોરીના ગુનાના કામે પંચનામા કરવાના છે તેમ જણાવી તૈયાર લખેલ કાગળોમાં તેમની સહીઓ લીધેલી. તે સીવાયની કોઇ હકીકત જાણતા નથી. તેમની હાજરીમાં કોઇ વ્યકિતએ ગુનાવાળી જગ્યા બતાવનારના લખાવ્યા મુજબના નોંધી લીધેલ હોય તેવુ બનેલ નથી.તેમની હાજરીમાં કોઇ અન્ય સાહેદનાઓએ ચોરી અંગે જગ્યા બતાવી હોય અને તેનું વર્ણન પંચનામાની હકીકતે તેની હાજરીમાં નોંધી લીધું હોય તેવું બનેલ નથી. તેમની હાજરીમાં પોલીસે સાહેદ ધર્મેન્દ્ર શાંતીલાલ વ્યાસ નું મકાન જોયું તપાસ્યુ હોય અને તે અંગેનું વર્ણન પંચનામામાં નોંધી લીધુ હોય તેવું પણ બનેલ નથી.પોલીસે તેને ફરીથી પો.સ્ટે. બોલાવી એક ટીવી કબજે લીધુ હોય કે સાહેદ ધર્મેન્દ્ર શાંતીલાલ વ્યાસે ટીવીનું કોઇ બીલ રજુ કરેલ હોય તેવું બનેલું નથી. આ સાહેદોને વિ.પીપીશ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ લેતાં પણ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નાસીરખાન ઉસ્માનખાન પઠાણને આંક P6 થી તપાસવામાં આવેલા છે તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓને સત્તરેક વર્ષ અગાઉ ગોધરા ટાઉન પોલીસે એક ચોરીના ગુનામાં અટક કરેલ આરોપી કઇ કહી બતાવવા માગે છે તેમ જણાવી ગોધરા ટાઉન પો.સ્ટે. બોલાવેલો અને તેની હાજરીમાં એક વ્યકિતની આરોપી તરીકે ઓળખ કરાવેલી. તે જ સમયે પોલીસે તૈયાર કરેલ કાગળોમાં તેમની તથા બીજા પંચની સહીઓ મેળવી લીધેલી. તેઓ પો.સ્ટે.થી કોઇ જગ્યાએ ગયા હોઇએ તેવું બનેલ નથી. તેમની હાજરીમાં પોલીસે

કોઇ દુકાનમાંથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે કર્યો હોય તેવું બનેલ નથી. તેની હાજરીમાં પોલીસે કોઇ દુકાનમાં હાજર વ્યકિતની પુછપરછ કરી હોય અને તે વ્યકિત પાસેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે લીધો હોય તેવુ બનેલ નથી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. આ સાહેદને વિ.પીપીશ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ લેતાં પણ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

(૧૬) આ કામે ફરીયાદપક્ષે, તપાસ કરનાર અધિકારી દલપતસિંહ ભુલાજી ડાભીની આંક P13 થી સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૧૨/૩/૨૦૦૯ ના રોજ પો.સ.ઇ. તરીકે ગોધરા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદીએ તેમની રુબરુ આવી તેમની ફરીયાદ લખાવતા તેમના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલી. ત્યારબાદ ફરીયાદ ગુનો રજી.કરવા માટે પી.એસ.ઓને મોકલેલ જે ગુનો રજી.થઇ આગળની તપાસ તેમને ડેપ્યુટ કરતા તપાસ સંભાળી લીધેલી, તપાસ સંભાળ્યા બાદ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલું, એફ.એસ.એલ મોબાઇલના અધિકારીને બોલાવી ગુનાવાળી જગ્યાની તપાસણી કરાવડાવી તેમનો પ્રાથમીક અહેવાલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ, ફીંગર એક્ષપર્ટને બોલાવી જગ્યાની તપાસણી કરાવડાવી તેમનો તપાસણી રીપોર્ટ સામેલ રાખેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ, આરોપીઓ મળી આવતા આરોપી અનવર બશીર હયાત કઇક કહી બતાવવા માંગતા હોય જે પંચો સાથે તેઓએ બતાવેલ જગ્યાએ ગયેલા જયાં આરોપીએ વેચેલ દાગીના સોનીએ ઓગાળી નાખેલ હોવાનું જણાવેલ અને સોની એ ઓગાળી નાખેલ દાગીનાની રણીને રજુ કરતા તે રણીનું વજન કરી તેની અંદાજીત કિંમત લખી તપાસના કામે કબજે લેવામા આવેલ અને જે અંગેનું પંચનામું કરી પંચોની સહી લીધેલ તથા આરોપી શોએબ શેખએ રજુ કરેલ ટીવીસાહેદ ધર્મેન્દ્રકુમાર વ્યાસ

નાએ ઓળખી બતાવતા તથા તે અંગેનું બીલ રજુ કરતા તે અંગેનું પંચનામું પંચો રુબરુ લખી લઈ તપાસના કામે સામેલ રાખેલ તથા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ના.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલું. બચાવપક્ષે ઉલટતપાસ માં સ્વીકાર કરેલ છે કે, **તેઓ આંક પી–૧૦ બતાવતા જેમાં પ્રાથમીક એફ.એસ.એલ રીપોર્ટમાં આરોપીની સંડોવણીની કોઈ માહીતી મળી આવેલ નહીં. એ વાત ખરી છે કે આંક પી–૧૧ થી રજુ થયેલ ફીંગરપ્રીન્ટ એકસપર્ટના રીપોર્ટમાં ટ્રાન્સક્રીપ્ટ મળી આવેલ નહીં. એ વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદના વર્ણનમાં લખાવેલ સોના ચાંદીના દાગીનાના બીલ રજુ કરેલ નથી.**

(૧૭) આ કામે આરોપીઓના વકીલશ્રીએ આંક–૧૪ની પુરસીસ આપી ક્રિમીનલ કેસ નં.૧૨૪૨/૨૦૦૯ થી ફરીયાદી તથા રાજેશકુમાર તથા રાકેશકુમારની જુબાની વિ.જયુડી.મેજી.ફ.ક.કોર્ટમાં થઈ હતી તે એડોપ્ટ કરતા હોઈ આંક–૧૬,૧૮,૨૧,૨૩ને એડોપ્ટ પુરાવો ગણી લેવા વિનંતી કરેલ છે જે રેકર્ડ કરી, જે અનુસાર વિ.ટ્રાયલ કોર્ટ રૂબરૂ ફરીયાદપક્ષે, આ કામના ફરીયાદી સુમિત્રાબેન કેવળસિંહ બારીયાની આંક-૧૬થી સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સાતમા મહીના પહેલા બનેલો. બનાવ વખતે હું તથા મારા છોકરાઓ અમારા વતન એરંડી ગામે ગઈ તા.૧૨/૩/૦૯ ના રોજ હોળીનો તહેવાર કરવા ગયેલા અને હોળીનો તહેવાર કરી આજરોજ સવારમાં અમારી રુમ ઉપર આવતા મારા રુમને મારેલ તાળુ જોવા મળેલ નહી જેથી દરવાજો ખોલી ઘર તપાસ કરતા ઘરમાં મુકી રાખેલ તિજોરીનું લોકર તુટેલુ હતુ જેથી તિજોરીની અંદર તપાસ કરતા રૂ.૫૦૦/– ના દરની ચલણી નોટો કુલ ૮ કુલ રૂ.૪૦૦૦/–તથા સોનાની ચેન જુની વપરાયેલ જેની કિંમત રૂ.૮૦૦૦/–જોવા મળેલ નહી જેથી તેણીએ આજુબાજુ તપાસ કરતા મળી આવેલ નહીં જે ફરીયાદ આંક–૧૭ થી રજુ છે. આ ચોરીના બનાવમાં હું આરોપીને ઓળખતી નથી. તે જ દિવસે ધર્મેન્દ્રકુમાર વ્યાસના

ઘરમાંથી કોઇ ચોર ઇસમે સેમસંગ કલર ટીવી કિં.રૂ.૪૦૦૦/- તથા તાંબા પીત્તળના વાસણો જુના જેની કિં.રૂ.૩૦૦૦/- તથા ખાડી ફળીયામાં રહેતા નજીરઅલી વ્હોરાના ઘરમાંથી રૂ.૧૦,૦૦૦/- રોકડા તથા ૬૫૦/- ની સોનાની વીંટી જુની નાના છોકરાને પહેરવાની ચોરી થયેલાનું મને જાણવા મળેલ.આ ગુનામાં પોલીસે આરોપીઓની ઓળખપરેડ કરાવેલી નથી તેથી હુ આરોપીઓને ઓળખી શકુ નહીં. આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું મારી રુબરુ થયેલ હતુ તે વખતે કયા પંચ હાજર હતા તેની મને ખબર નથી.આ સીવાય કોઇ હકીકતની મને ખબર નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે ક્રિ.કેસ નં.૧૨૪૨/૦૯ ના કામે સાહેદ રાકેશકુમાર કેવળસિંહ બારીયાને આંક-૧૮થી તપાસવામાં આવેલા છે.તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવના ફરીયાદી મારા માતુશ્રી થાય છે. અમારા ઘરમાં તા.૧૨/૩/૦૯ ના રોજ ચોરી થયેલ. બનાવ વખતે અમારા કુટુંબની વ્યકિતઓ અમારા વતન એરંડી ગામે હોળીનો તહેવાર કરવા અમારી રૂમને તાળુ મારી ગયેલ અને હોળીનો તહેવાર કરી તા.૧૨/૩/૦૯ ના રોજ પરત ગોધરા અમારી રૂમ પર આવતા અમારી રુમને આગળના દરવાજાને તાળુ જોવા મળેલ નહિ જેથી દરવાજો ખોલી અંદર ઘરમાં જતા ઘરમાં મુકી રાખેલ તિજોરીનું લોક તુટેલું હતુ અને તિજોરીમાં મુકી રાખેલ તિજોરીનું લોક તુટેલુ હતુ અને તિજોરીમાં મુકી રાખેલ રૂ.૫૦૦/- ના દરની ચલણી નોટો નંગ-૮ કિં.રૂ.૪૦૦૦/-તથા સોનાનો જુનો વપરાયેલો દોરો કિં.રૂ. ૮૦૦૦/- નો જોવા મળેલ નહી જેની આજુબાજુ તપાસ કરતા મળી આવેલ નહી અને ચોરી થયેલાનું જણાયેલ. આ બનાવમાં મારી માતુશ્રી સુમીત્રાબેને ફરીયાદ આપી હતી જેમાં પોલીસે તેમનો જવાબ લીધો હતો. હુ આરોપીઓને ઓળખતો નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે ક્રિ.કેસ નં.૧૨૪૨/૦૯ ના કામે સાહેદ રાજેશ કેવળભાઇ બારીયાને આંક-૨૧થી તપાસવામાં આવેલા છે.તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. ગઇ સાલ હોળીનો તહેવાર હોઇ અમારા વતનમાં ગયેલ અને વતન માંથી પરત આવતાં જીએલયાર્ડ રેલ્વે કોલોનીમાં અમારા કવાર્ટર નું તાળુ તુટેલ હાલતમાં હોઇ ઘરમાં તપાસ કરતા તીજોરી નું તાળુ તૂટેલુ હતું જેમાંથી રૂ.૪૦૦૦/- રોકડા તથા સોનાની જુની ચેઇન, તિજોરીમાં મુકી રાખેલ તે મળેલ નહી. આ દિવસે બીજી ચોરી થયેલ કે કેમ તેની તેમને ખબર નથી. આ ચોરી કોણે કરી તેની તેમને ખબર નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે ક્રિ.કેસ નં.૧૨૪૨/૦૯ ના કામે સાહેદ નવજીવન છબીરાજ મિશ્રાને આંક-૨૩થી તપાસવામાં આવેલા છે.તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૩/૫/૦૯ ના રોજ ધર્મેશ શાંતીલાલના ઘર આગળ બોલાવેલ જેમના ઘરે ચોરી થયેલી તે જગ્યાના પંચનામામાં પોલીસે મારી સહી લીધેલી જે આંક-૨૪થી રજૂ છે તેમાં મારી સહી છે.

(૧૮) આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં હાલના આરોપીઓને પોલીસે અટક કર્યા બાદ ફરીયાદી કે કોઇ સાહેદ રૂબરૂ કોઇ ઓળખપરેડ કરાવડાવેલ હોય તેવુ બનેલ નથી. આ કામના ફરીયાદી બનાવ સમયે ઘરે હાજર ન હતા અને ફરીયાદ અજાણ્યા ઇસમો સામે કરેલી છે. બનાવ વિશે જાતમાહીતી નથી. ફરીયાદી કે સાહેદોએ આ બનાવ નજરોનજર જોયેલ નથી તેથી ચોરી કોણે કરી હશે તે વિશે કહી શકે નહી અને કોર્ટ રૂબરૂ પણ તેઓ આરોપીઓને ઓળખી બતાવતા નથી. ફરીયાદીએ આ કામના આરોપીઓની ગુનામાં સંડોવણી હોવા બાબતનો કોઇ પુરાવો આપેલ નથી. માત્ર કહેવાતો બનાવ બનેલો હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ તે બનાવમાં હાલના આરોપીઓ સામેલ હોવાનું

સાબીત થતું નથી.

(૧૯) આ કામે ફરીયાદી, કોઇ સાહેદોની હાજરીમાં હાલના આરોપીઓની ઓળખ કરવામાં આવેલ નથી અને આરોપીઓની ઓળખ અંગેનું પંચનામું પુરાવામાં રજુ થયેલ નથી તેમજ હાલના આરોપીઓને અટક કર્યા બાદ તેઓ પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર થયેલ હોવાનું જણાતું નથી તેવા સંજોગોમાં આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા સીવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી.

(૨૦) આ કામે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો જોતાં તપાસ કરનાર અધિકારીએ હાલના આરોપીઓને અટક કર્યા બાદ ફરીયાદી કે કોઇ સાહેદ રૂબરૂ કોઇ આરોપીની ઓળખપરેડ કરાવેલ નથી. ફરીયાદી કે સાહેદોની હાજરીમાં પોલીસે કોઇ પકડાયેલ આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કર્યો હોય તેવું પણ બનેલ નથી કે હાલના આરોપીઓની ગુનામાં સંડોવણી હોવા બાબતનો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને બનાવમાં હાલના આરોપીઓ સામેલ હોવાનું સાબીત થતું નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આરોપીઓ વિરૂધ્ધ રેકર્ડ ઉપર લેશમાત્ર પુરાવો રજુ થયેલ ન હોય સમગ્ર હકીકતે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય ત્યારે તેવા સંજોગોમાં આરોપીઓએ તા.૧૦/૩/૦૯ ના કલાક ૧૧–૦૦થી તા.૧૨/૩/૦૯ ના કલાક ૮–૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ વખતે મોજે રેલ્વે કોલોની જી.એલ.યાર્ડ તથા ખાડી ફળીયામાં આ કામના ફરીયાદીના સાહેદોના બંધ મકાનના તાળા તોડી, સોના ચાંદીના દાગીનાની તથા સાહેદ ધર્મેન્દ્રકુમારના ઘરમાંથી કલર ટીવીની ચોરી કરી, આરોપી નં.ર નાઓ ચોરીના દાગીના હોવાનું જાણતા હોવા છતાં નજીવી કિંમતે વેચાતા રાખી ઓગાળી નાખી એકબીજાની મદદગારી કરી, ચોરી કરી નાસી જઇ ગુનો કરેલ હોય તેવી હકીકતો ફરીયાદપક્ષે નિ:શંકપણે પૂરવાર કરેલ નથી.

(૨૧) તપાસ કરનાર અમલદારે હાલના આરોપીઓનો કબજો મેળવેલ છે અને આરોપીઓને અટક કર્યા બાદ આરોપીઓની ઓળખ પરેડની કાર્યવાહી કરેલ નથી તેમજ આરોપીઓની ઓળખ અંગેનો કોઇ પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી તેમજ હાલના આરોપીઓ પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર થયેલ નથી. તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીઓ સદર ગુનામાં સામેલ હોવા બાબતનો કોઇ જ પુરાવો આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં સદરહું બનાવના ગુનામાં હાલના આરોપીઓ સામેલ હોવાનો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય અને કાયદાના મહત્વપૂર્ણ તત્વો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી જેથી હું મુદ્દા નંબર–૧નો જવાબ ''નકારમાં'' આપું છું અને મુદ્દા નંબર–૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરું છું.

## **:: આ ખ રી હુ ક મ ::**

**૧.** આ કામના આરોપી નં.૧. અનવર બસીર હયાત,રહે.હયાતની વાડી, ગોધરા.જી.પંચમહાલ, નં.ર. રૂપેશભાઇ કાંતીભાઇ સોની, રહે.મહાદેવનગર સોસાયટી, ભવાની રસ મલાઇ કારખાનાની બાજુમાં, તા.ગોધરા, નં. ૩. શોયેબ ઉર્ફે કવાલ સીદીક શેખ, રહે.સાતપુલ, રોજી હોટલ પાસે, ગોધરા, નં.૪. અશરફ યુસુફ મેંદા, રહે.વચલા ઓઢા, રહેમાનીયા મસ્જીદ પાછળ, તા.ગોધરા. જી.પંચમહાલનાઓને સેસન્સ કેસ નં. ૧૧૧/૨૦૨૫ ના કામે ગોધરા ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૦૮/૨૦૦૯, ઇ.પી.કો.કલમ– ૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧,૪૧૩ મુજબના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ગુનાના કામે મુદ્દામાલ સેમસંગ કંપનીનું જુનું વપરાયેલું ટીવી રીમોટ સાથેનું સાહેદ ધર્મેન્દ્રકુમાર શાંતીલાલ વ્યાસને ઓળખ

અંગેનો આધાર પુરાવો મેળવી અપીલ સમય બાદ પરત કરવું.

૩. આરોપીઓના જામીનખત ડીસ્ચાર્જ કરવામાં આવે છે. જો કે આ જામીનખત આરોપીઓ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબના જામીન રજૂ ન કરે ત્યાં સુધી ચાલુ રહેશે.

૪. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ અપીલ થવાના પ્રસંગે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેશે તેવી ખાત્રી માટે પ્રત્યેક આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આપવાના રહેશે.

હુકમ આજ તારીખ **૧૨' મી માહે–ઓગષ્ટ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**તા. ૧૨–૦૮–૨૦૨૬**

**(ચંદ્રપાલસિંહ કે. ચૌહાણ)**
**સત્ર ન્યાયાધિશ,**
**પંચમહાલ ગોધરા**
**UID Code No.GJ 00513**

SST